# ગઝલ સંજીવની

### –સંજુ વાળા

**.1.**

કહ્યું એથી વધારે ગુપ્ત રાખ્યું છે,
બધું ઘરમાં છે, દ્વારે ગુપ્ત રાખ્યું છે.

હકીકત છે 'હ'કારે ગુપ્ત રાખ્યું છે,
પ્રથમ પળથી જ પ્યારે ગુપ્ત રાખ્યું છે.

ઘડવા મનમાં ને મનમાં લાખ મનસુબા,
પ્રકટ કહેવામાં વધારે ગુપ્ત રાખ્યું છે.

રહસ્યો તળનાં જાણી લે છે મરજીવા,
નદીએ તો કીનારે ગુપ્ત રાખ્યું છે.

હવે આઠે પ્રહર ચર્ચાય છે વીગતે,
અમે જે છાશવારે ગુપ્ત રાખ્યું છે.

રહ્યું ના માત્ર તારા એકથી છાનું,
જે સઘળું શત–હજારે ગુપ્ત રાખ્યું છે.

**.2.**

કારણ વગરના સુખની નીત–નીત નરી ખુશાલી,
મેં આ તરફ ઝીલી ને આ તરફ ઉછાળી.

અંદરના ઉભરાની અંગત કરી ઉજાણી,
લંબાવી હાથ જાતે, જાતે જ દીધી તાળી.

બે પંક્તીઓ વચ્ચેના સ્થાયી ભાવ જેવું,
ધબકે છે ઝીણું ઝીણું કોઈ કસક અજાણી.

હું છેક એની પાસે પહોંચ્યો હતો; પરંતુ–
ભગવાને સ્હેજ અડક્યો ત્યાં થઈ ગયો બદામી.

ના કોઈ કૈં જ જીતે, હારે ન કોઈ કંઈ પણ,
ભરપુર જીવવાનું થઈને નર્યા જુગારી.

જ્યારે ને જેવું ઈચ્છો એ હાજરાહજુર હો–
મનમાં જ એવી સુંદર એક મુર્તી કોતરાવી.

છું એ જ હું; સફરજન પણ એનું એ હજુ છે,
તું પણ હજુય એવું નીરખે છે ધારી ધારી.

**.3.**

કોઈને સુખ, કોઈને ન્યોછાવરી જીવાડશે,
અમને કવીતા નામની 'સંજીવની' જીવાડશે.

અણસમજ ભમરાની યજમાની કરી જીવાડશે,
જાતે ઓઢાડી કમળદળ–પાંખડી જીવાડશે.

શું વધારે જોઈએ? એક કાળજી જીવાડશે,
લખ અછોવાનાં બરાબર, લાગણી જીવાડશે.

હાથમાં હીંમત નથી ને પગ તો પાણીપાણી છે,
તો હવે શ્રદ્ધાની ટેકણલાકડી જીવાડશે.

સાચા–ખોટાના બધાયે ભેદ તો સાપેક્ષ છે,
શીર સલામત નહીં રહે તો પાઘડી જીવાડશે.

શું લખું? કયા શબ્દની આરાધના કેવી કરું?
ક્યાં ખબર છે! કઈ રીતે બારાખડી જીવાડશે.

ચાલ, થોડી લીલી–સુકી સાચવીને રાખીએ,
કૈં નહીં તો એ સ્મરણ, એ દાબડી જીવાડશે.

**.4.**

ઝાંખા ઉજાસ વચ્ચે તેં જે કથા કહી છે,
સાંભળજે કાન દઈને, એની જ આ કડી છે.

પંખી યુગલને વડલાની ડાળ સાંપડી છે,
ને ક્રોંચવધની ઘટના જીવમાં ઝમી રહી છે.

પળને બનાવે પથ્થર, પથ્થરને પારદર્શક,
તાકી રહી છે કોને, આ કોની આંગળી છે?

નખ હોય તો કપાવું, દખ હોય તો નીવારું,
ભીતરને ભેદતી આ મારી જ પાંસળી છે.

કાજળ બનીને આવો કે જળ બની પધારો,
પાંપણથી નમણી બીજી ક્યાં કોઈ પાલખી છે?

ઈચ્છાના કાચઘરમાં એ કેદ થાય અંતે,
માણસનું નામ બીજું રંગીન માછલી છે.

**.5.**

કોઈ કારણ વગર, કોઈ ચર્ચા વગર,
ચાલ પડીએ જુદા કૈં જ સ્મર્યા વગર.

પાર કરીએ વીતક હામ હાર્યા વગર,
દઈ ધુબાકો કશું પણ વીચાર્યા વગર.

ઉગી ’ને આથમે, આથમી ’ને ઉગે,
કામ ચાલ્યા કરે કોઈ કર્તા વગર.

એ જો આવી મળે, પાત્ર છલકી ઉઠે,
છે અધુરું હજી માત્ર અર્ધા વગર.

કંઈ અચંબા ભરી ચીજ ભાળી હશે?
આંખ મીંચાઈ ગઈ કશું ભાળ્યા વગર.

**.6.**

અંધાર ને અજવાસની વચ્ચે ઉભા છીએ,
હળવી રીતે હળવાશની વચ્ચે ઉભા છીએ.

કેવી જણસની શોધ લઈને નીકળ્યા કે આ –
ક્ષણ–ક્ષણ ખટકતી ફાંસની વચ્ચે ઉભા છીએ.

છે રંગમંચ સાંપડ્યો શ્રદ્ધાના વેશનો,
અડચા પગે અવકાશની વચ્ચે ઉભા છીએ.

મુઠ્ઠી ભરીને આપ તે મબલખ બની જશે,
એવી સમજ ને શ્વાસની વચ્ચે ઉભા છીએ.

તું ક્યાંક જળ છે, ક્યાંક અગ્ની, ક્યાંક છે હવા,
હરપળ નવા આભાસની વચ્ચે ઉભા છીએ.

**.7.**

તમસ ને તેજ તો સીક્કાની બેઉ બાજુ છે, સાહેબ,
સમજ હો એવી એ જન આશિખાનખ સાધુ છે, સાહેબ.

ખરેખર વ્યક્ત થાવું એ જ તો અજવાળું છે, સાહેબ,
મઝા પડવી ના પડવી તો રુપાળા જાદુ છે, સાહેબ.

દીશાઓ ચારે ખુલ્લી હો અને નભ કોરુંકટ હો તો પણ,
હ્દયરસના છલકવાની ઋતુ ચોમાસું છે, સાહેબ.

જુદા સંજોગવશ ના આપણે આવી શક્યા નજદીક,
વસો છો આપ જ્યાં એ મારું પણ ઠેકાણું છે, સાહેબ.

સવા ગજ ઉંચું ચાલે છે તો એમાં શો અચંબો છે?
કવીના શબ્દોમાં પરમાણવાળું ગાડું છે, સાહેબ.

**.8.**

આંખ છે, ક્યારેક ભીની થાય ચુવે પણ ખરી,
હા, પરંતુ જીવતા હોવાની નક્કર ખાતરી.

જીવનની પડખોપડખ જે બેસવાલાયક ઠરી,
વ્યક્તી એવી કેમ એકાએક આવી સાંભરી?

જે. ર.પા.ના ગીતસંગ્રહમાં મુકી’તી કાપલી,
પાનું ખોલીને સવારે જોયું તો થઈ ગઈ પરી.

રાત તો હમણાં જ પુરી થઈ જશે એ બીકમાં,
મન અવાચક ને પ્રતીક્ષા થઈ બીચારી બાવરી.

તું જુનાં સૌ કાટલાં લઈ એ જ રસ્તા માપ્યા કર,
હું તો ક્યાંયનો ક્યાંય નીકળી જઈશ ચીલો ચાતરી.

ડાઘ પહેરણ પર જે લાગ્યા’તા છુપાવી ના શક્યા,
કેવા કેવા ઘાટે જઈ અજમાવ્યા નુસખા આખરી !

કાળ! હે મોંઘા અતીથી! તારો દરજ્જો જાણું છું,
આવ સત્કારું તને હું, કાળી જાજમ પાથરી.

**.9.**

રોમાંચ ઓ તરફ છે, આ બાજુ કમકમાટી
હે સુજ્ઞજન! આ ક્ષણને આછી કહું કે ઘાટી?

કોની સ્થીતીમાં હલચલ, છે સ્થીર કઈ સપાટી?
આ કઈ દીશાથી આવી પજવે છે હણહણાટી?

જાહેરમાં નહીં તો તું કાનમાં કહી જા–
પથ્થર થયો તે પહેલાં પાણી હતો કે માટી?

વેચું દરેક વસ્તુ હું તોલ–મોલ વીના,
છું હાટડી વગરનો સૌથી જુદો જ હાટી.

છે સુક્ષ્મ કીન્તુ સક્ષમ આ કાવ્ય નામે ઔષધ,
ચાખો, પીઓ કે ચાટો, ખાંડી, દળી કે વાટી.

સંભવ છે એ જગાએ મેળો ભરાય કાલે,
નીર્મમપણે જ્યાં આજે ખેલાયું હલદીઘાટી.

અક્ષરને એ ના જાણે, ના અંકનીય ઓળખ,
ભણતર આ એનું કેવું, કોરી રહે જ્યાં પાટી ?

**.10.**

(ગઝલ ત્રીપદી)

ધરબી શકે જો પાછો,
બંદુકમાં ભડાકો,
ત્યારે કવી તું પાકો.

વીંધે, પરોવે, પ્હેરે,
નીઃશબ્દનો ઈલાકો,
ત્યારે કવી તું પાકો.

નેવાંનાં પાણી મોભે,
વાળીને પાડે હાંકો,
ત્યારે કવી તું પાકો.

હો ફાટ્યું થાકી, હારી,
એ વસ્ત્રને લે ટાંકો,
ત્યારે કવી તું પાકો.

ઉઝેરવા હો ઉત્સુક,
નીત્ય દુઝતો સબાકો,
ત્યારે કવી તું પાકો

તરકીબ ને તરીકા,
છોડી જમાવે છાકો,
ત્યારે કવી તું પાકો.

સંજુ વાળા

કવીશ્રીના ગઝલસંગ્રહ ‘કવીતા નામે સંજીવની’ (પ્રકાશકઃ ગુજરાત સાહીત્ય અકાદમી, ગાંધીનગર, પાનાં : ૧૦૪, મુલ્ય : રુપીયા ૬૦)માંથી સાભાર.. ..ઉત્તમ ગજ્જર..

કવીનાં પ્રકાશનો :

કવીતાસંગ્રહઃ ‘કંઈક, કશુંક અથવા તો..’ (૧૯૯૦), ‘કિલ્લેબંધી’ (૨૦૦૦), ‘રાગાધીનમ’(૨૦૦૭),
સંપાદનઃ ‘અતિક્રમી તે ગઝલ’ (૧૯૯૦), ‘કિંશુકલય’(૧૯૯૩), ‘ઘર સામે સરોવર’(૨૦૦૯),
‘કવિતાચયન’ (૨૦૦૭–૨૦૦૯)

:સર્જક સમ્પર્કઃ
સંજુ વાળા
એ–77, આલાપ એવન્યુ, યુનીવર્સીટી રોડ, રાજકોટ–360 005
મોબાઈલ : 98255 52781 ઈ–મેઈલ : sanjoo.vala@gmail.com

@ @ @

‘સન્ડે ઈ–મહેફીલ‘ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..
– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ : અગીયારમું – અંક : 337 – 13 December, 2015
‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@ @ @ @ @

The Gujaratilexicon movement is spreading and attracting new users across the globe. People from all walks of life have adopted, loved and recommended Gujaratilexicon. GL Mobile Apps, Games and Bhagwadgomandal continue to made rapid strides in the Gujarati hearts. Lovers of Gujarati language can develop vocabulary, enjoy literature, read exclusive literature and join our mission throughhttp://www.gujaratilexicon.com

GujaratiLexicon projects include Digital Bhagwadgomandal – the crown jewel of Gujarati language, Lokkosh – the dictionary of the people, for the people and by the people and Global Gujaratilexicon, GL Games and GL Mobile Apps.

Enjoy Newly Launched GujaratiLexicon Mobile Apps ..!

**Bhagwadgomandal :**

Bhagwadgomandal is the biggest and the most prolific work in Gujarati. Visionary Maharaj Bhagvadsinhji of Gondal gifted the original Bhagwadgomandal to the world after 26 years of scientific and detailed work. This encyclopedic Gujarati to Gujarati dictionary is a cultural milestone of Gujarati language. It contains 2.81 Lakh Words and 8.22 Lakh Meanings spread across 9200 pages.

Gujaratilexicon and Arnion Team has digitized Bhagwadgomandal and created its digital avatar. The aim is to showcase the richness of such an indispensable resource for experts and lovers of Gujarati language. It is a treasure of knowledge and every Gujarati's pride. Explore It!.

https://play.google.com/store/apps/details?id=com.arnion.bhagvadgomandal

**Gujarati Font Reader :**

Nowadays, Many mobile phones are available in Market which do not support Gujarati. However, users do receive messages in Gujarati and their phone do not support the language. GujaratiLexicon developed an user friendly app which allows Gujarati readers to convert the text to readable fonts and enjoy the content in Gujarati. First it's kind of app which provide converted Gujarati Text in Pop Up mode as well.

https://play.google.com/store/apps/details?id=com.arnion.gujaratisupport

Share Your Comments & Feedback With Us

**Email** IDs :

**Maitri Shah** - maitri@arniontechnologies.com

@@@

More than 3,17,95,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 51,85,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 8,04,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 2,33,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@